# ● મિટીંગ હેતુ સભાસદો જોગ ખાસ માર્ગદર્શીકા / નોંધ ●

૧) બેન્કની આ ૬૨મી e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભાનો ઈવન કોડ NSDL, EVEN No. 116981 છે.

૨) e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીમાં જોડાવા હેતુ સભાસદશ્રીઓએ www.evoting.nsdl.com પર જઈને login કરવાનું રહેશે.

૩) બેંકના જે સભાસદોએ તા. ૩૧-૦૩-૨૦૨૧ સુધીમાં નોંધાયેલા હશે અને સભા તારીખ સુધી ચાલુ Active હશે. તેઓ આ e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભામાં જોડાઇ શકશે.

૪) e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભામાં જોડાવવા હેતુ બેંકમાં સભાસદશ્રીઓના મોબાઇલ નંબર નોંધાવવા આવશ્યક રહેશે. જે સભાસદોના મોબાઇલ નંબર બેંકના રેકર્ડ પર નહિં નોંધાયેલ હોય તેઓ e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભામાં જોડાઈ શકશે નહીં.

૫) e-AGM (વર્ચ્યુઅલ) વાર્ષિક સાધારણ સભામાં જોડાવવા માટે User ID અને OTP આપવા આવશ્યક રહેશે. OTP બેંકમાં નોંધાયેલ Registered Mobile Number પર આવશે.

૬) (અ) વેરાવળની શાખાના સભાસદશ્રીઓ માટે User ID-NSDL દ્વારા આપવામાં આવેલ બેંકનો EVEN No. 116981+ પાંચ આંકડાનો સભાસદ નંબર રહેશે, આથી સભાસદનો User ID 116981 અને ત્યારબાદ સભાસદનો મેમ્બરશીપ નંબર ૫ આંકડાનો ટાઈપ કરવાનો રહેશે. (દા.ત. (૧) જો સભાસદનો મેમ્બરશીપ નંબર ૧૫૦ હોય તો તે સભાસદનો User ID 116981 00150 રહેશે. (૨) જો સભાસદનો મેમ્બરશીપ નંબર ૬૧૧૨ હોય તો તે સભાસદનો User ID 116981 06112 રહેશે.) આમ દરેક સભાસદનો User ID કુલ ૧૧ આંકડાનો રહેશે.

(બ) તાલાલા, કેશોદ, માંગરોળ અને જુનાગઢ શાખાના સભાસદશ્રીઓ માટે પણ User ID-NSDL દ્વારા આપવામાં આવેલ બેંકનો EVEN No. પાંચ આંકડાનો સભાસદ નંબર રહેશે, આથી સભાસદનો User ID 116981 અને ત્યારબાદ સભાસદનો મેમ્બરશીપ નંબર ૫ આંકડાનો ટાઈપ કરવાનો રહેશે પરંતુ અલગ-અલગ શાખા લેવલે સમાન સભાસદ નંબર ધરાવતા સભાસદશ્રીઓના યુનિક લોગીન યુઝર આઈ ડી બનાવવા હેતુ શાખાના કોડ નંબર થી શરૂ કરવાનો રહેશે જે હેતુ તાલાલા, કેશોદ, માંગરોળ અને જુનાગઢ શાખાના કોડ અનુક્રમે ૪, ૫, ૬, અને ૭ રહેશે. દા.ત. (૧) કેશોદ શાખાના કોઈ સભાસદ કે જેના સભાસદ નંબર ૧૯૮ હોય તો તે સભાસદનું યુઝર આઈ ડી 116981 50198 રહેશે. તે જ રીતે માંગરોળ શાખાના જો કોઈ સભાસદશ્રીના સભાસદ નંબર ૭૬૫૨ હોય તો તેનો યુઝર આઈ ડી 116981 67652 રહેશે.

(ક) સભાસદશ્રીઓને તેઓના નોંધાયેલ મોબાઈલ નંબર ઉપર યુઝર આઈડી તેમજ ઈવેન્ટની લીન્ક એસએમએસ થી NSDL દ્વારા મોકલી આપવામાં આવશે. જે લીંક ઓપન કરી સભાસદશ્રી પોતાનું યુઝર આઈડી તેમજ વેરીફીકેશન કેપ્ચા એન્ટર કરી, ઓટીપી બેઝ લોગીન સીલેકટ કરી લોગીન પર કલીક કરવાનું રહેશે. ત્યારપછી સભાસદશ્રીના નોંધાયેલ મોબાઈલ નંબર પર ઓટીપી આવશે જે એન્ટર કરી સભામાં જોડાઈ શકશે.

(ડ) બેન્કની ૬૧ મી (E-AGM) સાધારણ સભામાં હાજર રહેવા હેતુ નોંધાયેલ તમામ સભાસદશ્રીઓ (જો તેઓ સભાસદ તરીકે કમી નહી થયા હોય તો) ની મોબાઈલની નોંધણી આગામી આ સભામાં આપોઆપ નોંધાયેલ ગણાશે.

(નોંધ : સભાસદશ્રીઓ પૈકી કોઈને આવશ્યકતા હોય તો નંબર બદલવા કે ઉપરોકત માહિતીની વિશેષ સમજ હેતુ વેરાવળ ખાતે વહીવટી કચેરી અને બહારગામની લાગુ પડતી શાખાનો રૂબરૂ સંપર્ક કરવો.)

૭) જે સભાસદોનાં મોબાઈલ નંબર બેંકમાં નોંધાયેલ ન હોય અને જો તેઓ આગામી e-AGM (વર્ચ્યુઅલ) સભામાં જોડાવા ઈચ્છતા હોય તેઓએ TRAI ના નિયમાનુસાર એસએમએસ ટેમ્પલેટ તથા મોબાઈલ નંબર એપ્રુવ્લ માટે મોકલવા આવશ્યક હોય સભાસદશ્રીઓએ તા. ૦૪-૦૯-૨૦૨૧ બપોરે ૨-૦૦ કલાક સુધીમાં નિયમ અનુસારનાં કે.વાય.સી. સાથે મોબાઈલ નોંધણી ફોર્મ ભરી સહી (આવશ્યક કિસ્સાઓમાં સિક્કા સાથે) કચેરીએ રજુ કરી નોંધણી કરાવવાની રહેશે.

૮) સાધારણ સભાની આ નોટીસ બેંકની શાખાઓના નોટીસ બોર્ડ ઉપર ઉપલબ્ધ રહેશે તેમજ વેબસાઈટ ઉપરથી download કરી શકાશે.

૯) વૈશ્વિક મહામારીના પ્રર્વતમાન સંજોગોમાં બેંકની ૬૨મી e-AGM (વર્ચ્યુઅલ) સાધારણ સભા અંતગર્ત તા. ૩૧-૩-૨૦૨૧ ના પુરા થતા નાણાંકીય વર્ષમાં વાર્ષિક હિસાબો બેંકની વેબસાઈટ પર સંક્ષિપ્ત અને વિસ્તૃત વાર્ષિક અહેવાલનાં સ્વરૂપે ઉપલબ્ધ રહેશે અને download કરી શકાશે. વિસ્તૃત વાર્ષિક અહેવાલની નકલ લેખિત માંગણી કર્યેથી રૂબરૂ બેન્કની કચેરીએથી ઉપલબ્ધ રહેશે તેમજ પોસ્ટ દ્વારા મોકલી આપવામાં આવશે. આ ઉપરાંત સભાસદશ્રીઓ ગુજરાત રાજય સહકારી અધિનિયમ-૧૯૬૧ ની કલમ -૩૩ ના પ્રાવધાન હેઠળની માહિતી મેળવવા જ હક્કદાર છે જેની નોંધ લેશો.

૧૦) સભાસદશ્રીઓ માટે સભા દરમ્યાન કોમ્યુનીકેશન હેતુ ચેટબોક્ષની સુવિધા ઉપલબ્ધ રહેશે. જેનો ઉપયોગ સભાસદશ્રીઓ ઉકત પેરા (૯) ની મર્યાદામાં કરી શકાશે.

**-:: વિશેષ નોંધ ::-**

ગ્રાહકો / સભાસદો જોગ વિશેષ સુચના કે, જે સભાસદ/ગ્રાહક બેંક સાથેના તેઓના વ્યવહાર, માહિતીની આપ-લે તેમજ પત્ર વ્યવહાર ઈ-મેઈલ દ્વારા કરવા ઈચ્છુક હોય તેઓએ લાગુ પડતી શાખાની મુલાકાત લઈ પોતાનું ઈ-મેઈલ એડ્રેસ રજીસ્ટર કરાવવા ઘટતી કાર્યવાહી કરવી. બેંકના રેકર્ડ પર નહીં નોંધાયેલ હોય તેવા કોઈપણ ઈ-મેઈલ એડ્રેસ પરથી થયેલા કોમ્યુનીકેશનને ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ સભાસદો/ગ્રાહકોને લેવા વિનંતી છે.

**ખાસ સુચના :-**

**બેન્કના અહેવાલના વર્ષના ઓડીટરશ્રી દ્વારા ચકાસાયેલા અને પ્રમાણિત કરેલ વાર્ષિક હિસાબો નિયમાનુસાર પ્રસિધ્ધ કરાયેલ છે. જેનું વ્યક્તિગત રીતે વિશ્લેષણ કરી સોશીયલ મીડીયા દ્વારા કે અન્ય રીતે ચર્ચાઓ કરી સંસ્થાના હિતોને નુકશાન પહોંચાડવાની પ્રવૃત્તિ કરનાર/કરાવનાર સભાસદશ્રી કે અન્ય ની સામે બેન્કે લાગુ પડતા કાયદાના પ્રાવધાનો અંતર્ગત પગલા લેવાની ફરજ પડશે જેની ખાસ નોંધ લેશો...**